દાખલ તારીખ :–૦૮/૦૪/૨૦૨૪.
નોંધ્યા તારીખ :–૦૮/૦૪/૨૦૨૪.
ફેંસલ તારીખ :–૦૯/૦૪/૨૦૨૪.

## મોરબી જીલ્લાના મહેરબાન સ્પે.જજ (એન.ડી.પી.એસ.)સાહેબની કોર્ટમાં, મુ.મોરબી.

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૭૦/૨૦૨૪.**
**આંકઃ–૦૬.**

**અરજદાર :–** **રવિકુમાર સ/ઓ મહીપતભાઈ કંડીયા,**
ઉ.વ.૩૦, ધંધો–ટાઈલ્સ ટ્રેડીંગ(વેપાર),
રહે.હાલે ૧૦૧, રામપેલેસ, ઓમપાર્ક સોસાયટી, લીલાપર કેનાલ રોડ, મોરબી, મુળ રહે. જેતપર તા.જી.મોરબી.
હાલે સબ જેલ, મોરબી.

**વિ રુ ઘ્ઘ**

**સામાવાળાઃ** **ઘી સ્ટેટ ઓફ ગુજરાત,**

બાબતઃ– મોરબી તાલુકા પોલીસ સ્ટેશન બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૪૦૪૪૩/૨૦૨૪ એન. ડી. પી. એસ.એકટ ની કલમઃ– ૮(સી), ૨૧ (સી),૨૯ મુજબના ગુન્હા કામે દિન–૧૧ (અગીયાર) માટે માનવતાના ધોરણે વચગાળાના જામીન મેળવવા માટેની અરજી.

---

**અરજદાર/આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી એમ.પી.ઓઝા.**

**સામાવાળા શ્રી સરકાર તરફે વિઘ્વાન પી.પી.શ્રી વી.સી.જાની.**

---

## –:: ઠરાવ ::–

**(૧)** આ કામના અરજદાર/આરોપીનાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન બી–પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૫૨૪૦૪૪૩/૨૦૨૪ એન. ડી. પી. એસ.એકટ ની કલમઃ– ૮(સી), ૨૧ (સી),૨૯ મુજબના ગુન્હા કામે દિન–૧૧ (અગીયાર) માટે માનવતાના ધોરણે વચગાળાના જામીન મેળવવા માટેની અરજી કરેલ છે.

**(૨)** સામાવાળાને નોટીસ બજતાં સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી વી.સી.જાની હાજર થયેલ છે અને આંક–૦૫ થી તપાસનીસ અધિકારીશ્રીનો અભીપ્રાય રજુ કરેલ છે, જે વંચાણે લીધો.

**(૩)** હાલની આ અરજી કરી અરજદાર/આરોપી તરફે વિઘ્વાન વકીલશ્રી એમ.પી.ઓઝા નાઓ

ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુન્હાઓ દાખલ થયા બાદ પોલીસે આ કામના અરજદારની ઉપરોકત ગુન્હાના અનુસંધાને ધરપકડ કરેલી. ત્યારથી આ કામના અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં રહેલા છે. બાદ તેમના તરફથી સદરહું વચગાળાના જામીન ઉપર મુકત કરવાની અરજી કેસના કોઈ ગુણદોષને ધ્યાને લીધા વિના માત્રને માત્ર માનવતાં ના ધોરણે વચગાળાના જામીન પર મુકત કરવા અરજી કરેલ છે. વધુમાં અરજદાર તરફે એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદારના દાદા બચુભાઈ ચતુરભાઈ કંડીયાનું અવસાન તા.૦૬/૦૪/૨૦૨૪ નારોજ થયેલ છે. અરજદારના દાદા પાછળ કરવામાં આવતી ધાર્મીક વિધી જેવી કે ઉતરક્રીયા તેમજ ફુલ પધરાવવાની વિધી હરધ્વાર મુકામે કરવા જવાનું હોય, તા.૧૦/૦૪/૨૦૨૪ થી તા.૨૧ /૦૪/૨૦૨૪ સુધી દિન–૧૧ (અગીયાર) માટે વચગાળાના જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદાર સ્થાનીક રહેવાસી છે તેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી તેમજ તેઓને વચગાળાના ધોરણે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર અદાલત જે જે શરતો ફરમાવશે તે તે શરતો નું પાલન કરવાની બાંહેધરી આપી, માનવતા ના ધોરણે વચગાળાના જામીન ની માંગણી કરેલ છે. અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં અરજદારના દાદાના મરણના પ્રમાણપત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

(૪) સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારના આંક–૦૪ થી રજુ થયેલ અહેવાલ ને ધ્યાને લઈ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદારના દાદા ગુજરી ગયેલા છે અને તેઓની ઉતરક્રીયા તા.૧૨/૦૪/૨૦૨૪ નારોજ છે. અરજદારના ભાઈ તેમજ પિતા હૈયાત હોય તેઓની હાજરીમાં ઉપરોકત ઉતરક્રીયાની વિધી પુર્ણ થઈ શકે તેમ હોય અરજદારની હાજરી જરુરી જણાતી નથી. આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ એન.ડી.પી.એસ.એકટ મુજબના ગંભીર પ્રકાર ના ગુન્હા નો આક્ષેપ છે. અને અરજદાર સદર ગુનાના મુખ્ય આરોપી છે. આ કામની તપાસ ચાલુ છે તેમજ આ કામે અરજદાર સાથે સંકડાળેલ અન્ય આરોપી મસુદ આલમ મીચેલમીયા રહે.સોનમુરા, ત્રીપુરાવાળાને પકડવાના બાકી છે. તેવા સંજોગોમાં અરજદાર/ આરોપી ને વચગાળાના જામીનપર મુકત કરવામાં આવશે તો તેઓ સાહેદો તથા પંચોને લોભ, લાલચ,

ધાક–ધમકી આપી તોડવા ફોડવાનો પ્રયત્ન કરશે તેમજ તેઓની નાશી ભાગી જવાની શકયતાં હોય, અરજદાર/ આરોપીની હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવાની ભારપુર્વકની રજુઆત વિધ્વાન પી.પી.શ્રી એ કરેલ છે.

**(૫)** બન્ને પક્ષોની રજુઆતો ઘ્યાને લીધી. આ કામના અરજદારના દાદા બચુભાઈ ચતુરભાઈ કંડીયાનું અવસાન તા.૦૬/૦૪/૨૦૨૪ નારોજ થયેલ છે. અરજદારના દાદા પાછળ કરવામાં આવતી ધાર્મીક વિધી જેવી કે ઉતરક્રીયા તેમજ ફુલ પધરાવવાની વિધી હરધ્વાર મુકામે કરવા જવાનું હોય, તા.૧૦/૦૪/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી દિન–૧૧ (અગીયાર) માટે વચગાળાના જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે. અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં તેમના દાદાના મરણના પ્રમાણપત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે તે ઘ્યાને લેતાં, અરજદારના દાદાની ઉતરક્રીયા તા.૧૨/૦૪/૨૦૨૪ નારોજ રાખવામાં આવેલ છે તે વિધીમાં અરજદારની એક પૌત્ર તરીકે હાજરી જરુરી જણાય છે. અરજદારના દાદાના અસ્થિ પધરાવવાની વિધી હરધ્વાર મુકામે કરવા જવાનું હોય તે વિધી અરજદારના ભાઈ, પિતાજી કે કુટુંબના અન્ય સભ્યો કરી શકે તેમ હોય તેથી તે વિધીમાં અરજદારની હાજરી જરુરી જણાતી નથી. જેથી ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં, હાલની વચગાળાની જામીન અરજી તળે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

**(૧)** અરજદાર/આરોપી **રવિકુમાર સ/ઓ મહીપતભાઈ કંડીયા** ની હાલની વચગાળાના જામીન મેળવવા માટેની અરજી આથી **" અંશતઃ મંજુર "** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી **રવિકુમાર સ/ઓ મહીપતભાઈ કંડીયાનાઓ** પોલીસ જાપ્તાના ખર્ચ પેટેની રકમ **રુા.૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા)** જેલ ઓથોરીટી સમક્ષ જમા કરાવ્યેથી તેઓના સ્વખર્ચે **તારીખઃ–૧૨/૦૪/૨૦૨૪ ના સવારના કલાક ૧૦–૦૦ વાગ્યા થી સાંજના કલાક ૦૬–૦૦ વાગ્યા સુધી** યોગ્ય પોલીસ જાપ્તા સાથે અરજદારના દાદાના નિવાસ સ્થાન મુકામે અરજદારના દાદાની ઉતરક્રીયામાં લઈ જવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

**(૩)** અરજદાર/આરોપી ને **તારીખઃ–૧૨/૦૪/૨૦૨૪ ના સાંજના કલાક ૦૬–૦૦ વાગ્યે** ફરી થી જેલ ઓથોરીટી સમક્ષ પરત સોપી આપવા તેમજ અરજદાર/આરોપી ને પરત

સોપ્યા ની જાણ અત્રેની કોર્ટને કરવી.

હુકમ મુજબની કાર્યવાહી અર્થે જેલ ઓથોરીટીને યાદી કરવી.

હુકમ આજરોજ તારીખઃ–૦૯ મી માહેઃ–એપ્રીલ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**( રાજદિપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
**સ્પે.જજ (એન.ડી.પી.એસ), મોરબી.**
**UID NO.GJ00442**

**// J.J.S //**

DISTRICT & SESSIONS COURT, MORBI.
* MORBI DISTRICT *



*Sessions Judge*
*Morbi.*